# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# BANASKANTHA PRAVASI SALAMAT

જમ્મુ કાશ્મીરના રામબનમાં ભૂસ્ખલનની ઘટનામાં ફસાયેલા ગુજરાતના 50 જેટલા તમામ નાગરિક સલામત છે. ફસાયેલા પ્રવાસીઓની રહેવા અને જમવાની સુવિધા આર્મી કૅમ્પમાં કરવામાં આવી છે. જ્યારે ટ્રાવેલર્સની બસ સલામત જગ્યાએ છે તેમ રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ જણાવ્યું છે. તેમણે કહ્યું, આ વિષયે વધુ માહિતી માટે સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે 079 2325-1900નો સંપર્ક કરી શકાશે.

બીજી તરફ, રામબન જિલ્લામાં ગુજરાતની ફસાયેલી બસમાં પાલનપુરના 15થી વધુ પ્રવાસી હોવાનું જણાયું છે. બનાસકાંઠાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે, આ બસમાં તમામ પ્રવાસીઓ સલામત છે. જિલ્લા કલેક્ટર મિહિર પટેલે બસમાં સવાર એક પ્રવાસી સાથે વાત કરી સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

(બાઈટઃ મિહિર પટેલ, કલેક્ટર)

. . . . . . . . . . . .

# ARVALLI UNI DEMAND

રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી ભિખુસિંહ પરમારે કરેલી અરવલ્લીમાં વિશ્વ-વિદ્યાલયની માંગ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સકારાત્મક જવાબ આપ્યો હતો. ગઈકાલે મોડાસાની મુલાકાતે આવેલા શ્રી

પટેલે સરકારી ઇજનેરી મહા-વિદ્યાલય ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન વિશ્વ-વિદ્યાલય બાબતે વિચારણા કરીશું તેવું જણાવ્યું હતું.

**(બાઈટઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)**

દરમિયાન મુખ્યમંત્રીના આશ્વાસન બદલ મંત્રી શ્રી ભીખુસિંહ પરમારે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

**(બાઈટઃ ભીખુસિંહ પરમાર, રાજ્યકક્ષાના મંત્રી)**

. . . . . . . . . . . .

# JAYANT CHAUDHARI LOKARPAN

કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીએ દેશના યુવાનોને નવા સંશોધન અને કૌશલ્ય સાથે જોડવા આહ્વાન કર્યું છે. સેમિ-કન્ડક્ટર અને પુનઃપ્રાપ્ય ઊર્જામાં રોજગારી માટે સારી સ્થિતિ હોવાનું જણાવતા તેમણે કહ્યું, નવા સંશોધન સાથે કૌશલ્ય મળે તે જરૂરી છે. ગાંધીનગરમાં પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી- P.D.E.U. ખાતે સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્ઘાટન કરતાં શ્રી ચૌધરીએ આ મુજબ જણાવ્યું હતું.

. . . . . . . . . . . .

# PATAN UNI.

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં વાર્ષિક પરીક્ષાનો ત્રીજો તબક્કો શરુ થયો છે. સ્નાતક અને અનુસ્નાતક સેમેસ્ટર-

2ની કુલ 46 પરીક્ષાઓમાં 1 લાખથી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. યુનિવર્સિટી સંલગ્ન 5 જિલ્લામાં પરીક્ષાઓ ત્રણ સેશનમાં સવારે 8થી 11, બપોરે 12થી 3 અને સાંજે 3થી 6 વાગ્યા સુધી યોજાઈ રહી છે.

કુલપતિ ડૉ. કે.સી. પોરિયા, રજિસ્ટ્રાર ડૉ. રોહિત દેસાઈ અને પરીક્ષા નિયામક મિતુલ દેલિયાના માર્ગદર્શન હેઠળ ગેરરીતિ અટકાવવા માટે ખાસ વ્યવસ્થા કરાઈ છે. નિયમિત ઓબ્ઝર્વર ટીમ ઉપરાંત દરેક જિલ્લામાં ફ્લાઇંગ સ્કોડ કાર્યરત છે, જે અચાનક પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લે છે. કોઈ પણ ગેરરીતિ જણાય તો તે કેન્દ્ર બંધ કરવામાં આવશે. સરકારી કોલેજોને ફ્લાઇંગ સ્કોડની જવાબદારી સોંપવામાં આવી છે.

. . . . . . . . . . . .

# JAMNAGAR HELICOPTER LANDING

જામનગરના ચંગા પાટિયા પાસે આજે સંરક્ષણ દળના એક હૅલિકૉપ્ટરનું ઇમરજન્સી ઉતરાણ થયું હતું.

જામનગરના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે, ચંગા ગામના પાટીયા પાસે આવેલી વાડીમાં આ હેલિકોપ્ટરે ટૅકનિકલ ખામીના કારણે તાત્કાલિક ઉતરાણ કર્યું હતું. ઘટનાની જાણ થતા ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

. . . . . . . . . . . .

# MEHSANA MEDAL

મહેસાણાની વિદ્યાર્થિનીઓએ રાજ્યસ્તરના ખેલ મહાકુંભમાં મુક્કેબાજી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. ખેરવા ખાતે આવેલી સૈનિક સ્કૂલ ફોર ગર્લ્સની છ વિદ્યાર્થિનીઓ સ્પર્ધાની સેમિ-ફાઈનલ સુધી પહોંચી હતી. આ તમામ વિદ્યાર્થિનીઓએ ચાર રજત અને બે કાંસ્ય ચંદ્રક જીત્યા હતા.

. . . . . . . . . . . .

# PANCHMAHAL KHEL MAHAKUMBH

પંચમહાલ જિલ્લામાં આજે સ્પેશિયલ મહાકુંભ 3.0 અંતર્ગત રાજ્યકક્ષા પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ ખેલાડીઓની સ્પર્ધાનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે. જિલ્લાના વડામથક ગોધરાના લાવ તળાવ ખાતે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં સાંજે આ સમારોહનું આયોજન કરાયું છે.

. . . . . . . . . . . .

# BHAVNAGAR COLLECTOR MEETING

ભાવનગરમાં કલેક્ટર ડૉક્ટર મનીષકુમાર બંસલની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ ગઈ. દરમિયાન વસૂલાતની સમીક્ષા, પેન્શન કેસ, નાગરિક સુવિધા કેન્દ્ર હેઠળની અરજી, સ્વાગત કાર્યક્રમ સહિતના રજૂ થયેલા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .